તા. ૦૯-૦૧-૨૦૨૫

નવગુજરાત સમય, પાના નં. ૧૨

# ગુરુવાર સવારથી સાંજે 4 વાગ્યા સુધી મોટેરાથી ગાંધીનગર સેક્શન વચ્ચે મેટ્રો ટ્રેન બંધ રહેશે

**ગાંધીનગર:** અમદાવાદના મોટેરાથી ગાંધીનગર વચ્ચે દોડતી મેટ્રો ટ્રેન સેવાનો વ્યાપ વધારવા માટે કેટલાક સેફ્ટી ઇન્સ્પેક્શન કરવાના હોવાથી 9 જાન્યુઆરીના રોજ મોટેરાથી ગાંધીનગર સેક્ટર-1 વચ્ચે દોડતી મેટ્રો ટ્રેન સેવા સ્થગિત કરવાનો કમિશનર ઓફ મેટ્રો ટ્રેન સેફ્ટી દ્વારા નિર્ણય કરાયો છે. જોકે, 9મીએ સાંજે 4 વાગ્યા બાદ ફરીથી ટ્રેન સેવા શરૂ થઇ જશે. કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (CMRS) દ્વારા તારીખ 9મી જાન્યુઆરી 2025ના રોજ, ફેઝ 2 કોરિડોરના મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 અને GNLUથી ગિફ્ટસિટી મેટ્રો સ્ટેશન સુધીના નિરીક્ષણને ધ્યાનમાં રાખીને, મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્શન વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ સવારે 10.40 કલાકથી સાંજના 4 વાગ્યા સુધી સ્થગિત રહેશે.